-: વેચાણ દસ્તાવેજ :-

રૂા. ૭,૦૦,૦૦૦/-

અંકે રૂપિયા સાત લાખ પુરાનો

સંવત ૨૦૭૧ ના ભાદરવા વદ નોમને વાર મંગળ તારીખ ૬ઠી ઓકટોબર સને ૨૦૧૫ ના રોજ

હમો પ્રથમ પક્ષના (વેચાણ આપનાર) :-

અમર ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી છે. જેના ભાગીદારો તરીકે (૧) તેજસ અમરસિંહભાઇ ચૌધરી, ઉ.વ.આ. ૪૧, ધંધો- વેપાર, રહે- વ્યારા, તા. વ્યારા, જી. તાપી.

(૨) જયંતિભાઇ નાનજીભાઇ સભાયા ઉર્ફે પટેલ, ઉ.વ.આ. ૪૪, ધંધો- વેપાર, રહે- પ્રિયાંક રો-હાઉસ, મોટા વરાછા, સુરત.

(૩) નવિનભાઇ ભીખાભાઇ પટેલ, ઉ.વ.આ. ૪૪, ધંધો- વેપાર, રહે- ૧૧,૧૨,૧૩, કાલીદાસ નગર, લંબે હનુમાન રોડ, સુરત.

સદર ભાગીદારી પેઢીનો PAN NO. AAXFA 8389 H છે.

તમો બીજા પક્ષના (વેચાણ લેનાર):-

.... ઉ.વ.આ. ...., ધંધો- ...., જાતના- ...., રહે- ....

જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપીએ છીએ કે,

સદર મિલકતના માલીક હમો પ્રથમ પક્ષના એટલેકે અમર ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી છે. જેનો રજી. નંબર GUJ/SRT (17) 37684 તારીખ ૧૩/૦૮/૨૦૧૩ છે. સદર ભાગીદારી પેઢીના ભાગીદારી લેખને સબ રજીસ્ટર્ડ વ્યારા ની કચેરી માં તારીખ ૦૭/૦૬/૨૦૧૩ ના રોજ અનુક્રમ નંબર ૮૭૨ થી નોંધવામાં આવ્યો છે. અને આભાગીદારી લેખમાં સદર ભાગીદારી પેઢી વતી હમો ઉપરોક્ત ત્રણ ભાગીદારોને ભાગીદારીની મિલકતો વેચવા અંગેની સત્તા આપવામાં આવી છે. જેથી આ દસ્તાવેજ પર હમોએ સદર ભાગીદારી પેઢી ના ભાગીદાર તરીકે સહી કરી છે.

હમો પ્રથમ પક્ષનાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા અને વહીવટવાળી એક સ્થાવર મિલકત મોજે વ્યારા, તા. વ્યારા, જી. તાપી મુકામે નગર પાલીકા વ્યારાની હદમાં વોર્ડ નં. ૧ માં આવેલી છે. જેનો બ્લોક નં. ૩૮૨ છે. સદર મિલકત પર **'અમરવિલા ટાઉનશીપ '** નામનું પ્રોજેક્ટ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમા સબ પ્લોટ નં. ૧ તથા સબ પ્લોટ નં. ૨ પાડવામાં આવ્યા છે. જેમાં સબ પ્લોટ નં. ૧ માં

AMAR DEVELOPERS

PARTNER

પ્લોટો પાડેલ છે. તથા સબ પ્લોટ નં. ૨ માં એ, બી, સી, ડી, ઇ, એફ, જી, એચ, આઇ, જે, કે એમ કુલ્લે ૧૧ કોમ્પલેક્ષ બનાવવાનું આયોજન કર્યુ છે.

સદર સબ પ્લોટ નં. ૧ માં રહેઠાણના હેતુ માટેના કુલ્લે ૨૧૫ પ્લોટો પાડવામાં આવ્યા છે. તથા સદર સબ પ્લોટ નં. ૨ માં એ, બી, સી, ડી, ઇ, એફ, જી, એચ, આઇ, જે, એટલેકે ૧૦ સુધી બિલ્ડીંગો બાંધવાનું આયોજન કર્યુ છે. તથા સબ પ્લોટ નં ''કે'' માં કોમર્શીયલ નુ આયોજન કરવા માં આવ્યુ છે. જેમાં એક બિલ્ડીંગ માં કુલ્લે ૩૨ ફ્લેટો બાંધવાનું આયોજન કર્યુ છે.

સદર સબ પ્લોટ નંબર ૨ માં આવેલ બિલ્ડીંગ ''સી'' ના **બીજા માળ** પર આવેલ **ફ્લેટ નંબર સી-૨-૨૦૨** આથી તમો બીજા પક્ષનાને વેચાણ આપવામાં આવે છે. જેનું વિસ્તૃત વર્ણન નીચે 'પરિશિષ્ટ' માં કરવામાં આવ્યું છે. જેને હવે પછી 'સદર મિલકત' તરીકે આ દસ્તાવેજમાં સંબોધવામાં આવશે.

સદર સર્વે નં. ૩૮૨, ૩૮૩, ૩૮૬, ૩૮૭, ૩૮૮/૨ ના મુળ માલીક (૧) આયેશાબીબી તે ગુલામહુસેન અબ્દુલભાઇની વિધવા (૨) અલી ગુલામહુસેન (૩) ફાતમામ ગુલામહુસેન (૪) અહમદ ગુલામહુસેન (૫) મોહમદ ગુલામહુસેન (૬) ઝુમનબીબી ગુલામહુસેન (૭) ઉસ્માન ગુલામહુસેન કરીને હતાં. તેઓ પાસેથી સદર મિલકત (૧) મોહમદ ઉમરશેખ (૨) અબ્દુલ હફીઝ ઉમર (૩) મોહમદ કાસમભાઇ (૪) અબુબકર કાસમભાઇ એ તા. ૧૪/૦૮/૧૯૫૯ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખી હતી. સદર (૧) મોહમદ ઉમરશેખ (૨) અબ્દુલ હફીઝ ઉમર (૩) મોહમદ કાસમભાઇ (૪) અબુબકર કાસમભાઇ ના નામો ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૩૮૬ તા. ૧૮/૦૯/૧૯૫૯ થી માલીક તરીકે દાખલ થયા હતાં.

ત્યારબાદ (૧) શેખ મોંહંમદ (૨) અબુબકર કાસમભાઇ (૩) અબ્દુલ હફીઝ ઉમર (૪) શેખ મોહંમદ કાસમ ના નામો ગામ નમુના નં. ૬ માંથી કમી કરવામાં આવ્યા હતા અને અબ્દુલ કાદર અબ્દુલ રહેમાન નું નામ ગામ નમુના નં. ૬ માં ચાલુ રાખવામાં આવ્યું હતું.

ત્યારબાદ અબ્દુલ કાદર અબ્દુલ રહેમાન એ સંયુકત પણામાં (૧) મેહરૂન્નીશા અબ્દુલ કાદર (૨) મોહમદ ઇબ્રાહીમ અબ્દુલ કાદર (૩) મોહંમદ સલીમ અબ્દુલ કાદર (૪) મોહંમંદ યુનુસ અબ્દુલ કાદર ના નામો ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૨૯૦૦ તા. ૨૮/૦૫/૧૯૮૪ થી દાખલ કરવામાં આવ્યા હતાં.

ત્યાદબાર (૧) મેહરૂન્નીશા અબ્દુલ કાદર (૨) મોહમદ ઇબ્રાહીમ અબ્દુલ કાદર (૩) મોહંમદ સલીમ અબ્દુલ (૪) મોહંમદ યુનુસ અબ્દુલ કાદર એ પાસેથી સદર પ્લોટો પૈકી કુલ્લે ૫૪ પ્લોટો શ્રી રામ નગર એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી જેના ભાગીદારો (૧) તેજસ અમરસિંહભાઇ ચૌધરી (૨) અમન ઉલ્લાહખાન પઠાણ એ તા. ૦૩/૦૫/૧૯૯૭ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખી હતી અને સદર

AMAR DEVELOPERS
PARTNER

રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરી વ્યારાના દફતરે તા. ૦૩/૦૫/૧૯૯૭ ના રોજ અનુક્રમ નં. ૨૬૩ થી નોંધાવવામાં આવ્યો હતો. અને શ્રી રામ નગર એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી જેના ભાગીદારો (૧) તેજસ અમરસિંહભાઇ ચૌધરી (૨) અમન ઉલ્લાહખાન પઠાણ ના નામો ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૪૨૯૭ તા. ૦૧/૦૭/૧૯૯૭ થી માલીક તરીકે દાખલ થયા હતાં.

ત્યાદબાર (૧) મેહરૂન્નીશા અબ્દુલ કાદર (૨) મોહમદ ઇબ્રાહીમ અબ્દુલ કાદર (૩) મોહંમદ સલીમ અબ્દુલ (૪) મોહંમદ યુનુસ અબ્દુલ કાદર એ પાસેથી સદર પ્લોટો પૈકી કુલ્લે ૫૪ પ્લોટો ગાયત્રી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી જેના ભાગીદારો (૧) તેજસ અમરસિંહભાઇ ચૌધરી (૨) અમન ઉલ્લાહખાન પઠાણ એ તા. ૦૩/૦૫/૧૯૯૭ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખી હતી અને સદર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરી વ્યારાના દફતરે તા. ૦૩/૦૫/૧૯૯૭ ના રોજ અનુક્રમ નં. ૨૬૪ થી નોંધાવવામાં આવ્યો હતો. અને ગાયત્રી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી જેના ભાગીદારો (૧) તેજસ અમરસિંહભાઇ ચૌધરી (૨) અમન ઉલ્લાહખાન પઠાણ ના નામો ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૪૨૯૮ તા. ૦૧/૦૭/૧૯૯૭ થી માલીક તરીકે દાખલ થયા હતાં.

ત્યાદબાર (૧) મેહરૂન્નીશા અબ્દુલ કાદર (૨) મોહમદ ઇબ્રાહીમ અબ્દુલ કાદર (૩) મોહંમદ સલીમ અબ્દુલ (૪) મોહંમદ યુનુસ અબ્દુલ કાદર એ પાસેથી સદર પ્લોટો પૈકી કુલ્લે ૫૪ પ્લોટો લક્ષ્મી કન્સ્ટ્રક્શન નામની ભાગીદારી પેઢી જેના ભાગીદારો (૧) તેજસ અમરસિંહભાઇ ચૌધરી (૨) અમન ઉલ્લાહખાન પઠાણ એ તા. ૦૩/૦૫/૧૯૯૭ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખી હતી અને સદર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરી વ્યારાના દફતરે તા. ૦૩/૦૫/૧૯૯૭ ના રોજ અનુક્રમ નં. ૨૬૫ થી નોંધાવવામાં આવ્યો હતો. અને લક્ષ્મી કન્સ્ટ્રક્શન નામની ભાગીદારી પેઢી જેના ભાગીદારો (૧) પ્રજ્ઞેશ અમરસિંહભાઇ ચૌધરી (૨) અમન ઉલ્લાહખાન પઠાણ ના નામો ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૪૨૯૯ તા. ૦૧/૦૭/૧૯૯૭ થી માલીક તરીકે દાખલ થયા હતાં.

ત્યાદબાર (૧) મેહરૂન્નીશા અબ્દુલ કાદર (૨) મોહમદ ઇબ્રાહીમ અબ્દુલ કાદર (૩) મોહંમદ સલીમ અબ્દુલ (૪) મોહંમદ યુનુસ અબ્દુલ કાદર એ પાસેથી સદર પ્લોટો પૈકી કુલ્લે ૫૫ પ્લોટો તિરૂપતિ એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી જેના ભાગીદારો (૧) તેજસ અમરસિંહભાઇ ચૌધરી (૨) અમન ઉલ્લાહખાન પઠાણ એ તા. ૦૩/૦૫/૧૯૯૭ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખી હતી અને સદર

AMAR DEVELOPERS

PARTNER

રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરી વ્યારાના દફતરે તા. ૦૩/૦૫/૧૯૯૭ ના રોજ અનુક્રમ નં. ૨૬૬ થી નોંધાવવામાં આવ્યો હતો. અને તિરૂપતિ એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી જેના ભાગીદારો (૧) તુષાર અમરસિંહભાઇ ચૌધરી (૨) અમન ઉલ્લાહખાન પઠાણ ના નામો ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૪૩૦૦ તા. ૦૧/૦૭/૧૯૯૭ થી માલીક તરીકે દાખલ થયા હતાં.

ત્યારબાદ ભાગીદારો વતી એક ભાગીદાર અમનઉલ્લાહખાન જેસુફખાન પઠાણ નું તા. ૦૮/૦૩/૨૦૦૪ ના રોજ અવસાન થતાં તેમના વારસો તરીકે (૧) યાસ્મીનખાન તે અમનઉલ્લાહખાન જેસુફખાન પઠાણની વિધવા (૨) નુસરતજહા અમનઉલ્લાહખાન પઠાણ (૩) મોહમદહનીફ અમનઉલ્લાહખાન પઠાણ (૪) શિરીનખાતુન અમનઉલ્લાહખાન પઠાણ ના નામો ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૫૩૦૭ તા. ૧૯/૦૫/૨૦૦૮ થી માલીક તરીકે દાખલ થયા હતાં.

ત્યાર બાદ (૧) યાસ્મીનખાન તે અમનઉલ્લાહખાન જેસુફખાન પઠાણની વિધવા (૨) નુસરતજહા અમનઉલ્લાહખાન પઠાણ (૩) મોહમદહનીફ અમનઉલ્લાહખાન પઠાણ (૪) શિરીનખાતુન અમનઉલ્લાહખાન પઠાણ નાઓએ તેમનો તમામ હકક હિસ્સો શ્રી રામ નગર એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીમાંથી તેમનો તમામ પ્રકારનો લાગ ભાગ તથા હકક હિસ્સો ઉઠાવી છુટા થયા હતા. અને (૧) હિતેન્દ્ર ડાહયાભાઇ ધામેલીયા (૨) જયંતિભાઇ નાનજીભાઇ સભાયા ઉર્ફે પટેલ (૩) મુકેશભાઇ કનુભાઇ કથીરીયા શ્રી રામ નગર એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીમાં દાખલ થયા હતાં અને આ હકીકત સરકારી દફતરે ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૫૭૭૪ તા. ૧૪/૧૧/૨૦૧૧ થી કરવામાં આવી છે અને જેને સક્ષમ અધિકારી એ પ્રમાણીત કરવામાં આવી છે.

ત્યાર બાદ (૧) યાસ્મીનખાન તે અમનઉલ્લાહખાન જેસુફખાન પઠાણની વિધવા (૨) નુસરતજહા અમનઉલ્લાહખાન પઠાણ (૩) મોહમદહનીફ અમનઉલ્લાહખાન પઠાણ (૪) શિરીનખાતુન અમનઉલ્લાહખાન પઠાણ નાઓએ તેમનો તમામ હકક હિસ્સો ગાયત્રી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીમાંથી તેમનો તમામ પ્રકારનો લાગ ભાગ તથા હકક હિસ્સો ઉઠાવી છુટા થયા હતા. અને (૧) હિતેન્દ્ર ડાહયાભાઇ ધામેલીયા (૨) જયંતિભાઇ નાનજીભાઇ સભાયા ઉર્ફે પટેલ (૩) મુકેશભાઇ કનુભાઇ કથીરીયા (૪) નવિનભાઇ ભીખાભાઇ પટેલ ગાયત્રી એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીમાં દાખલ થયા હતાં અને આ હકીકત સરકારી દફતરે ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૫૭૭૫ તા. ૧૪/૧૧/૨૦૧૧ થી કરવામાં આવી છે અને જેને સક્ષમ અધિકારી એ પ્રમાણીત કરવામાં આવી છે.

AMAR DEVELOPERS

PARTNER

ત્યાર બાદ (૧) યાસ્મીનખાન તે અમનઉલ્લાહખાન જેસુફખાન પઠાણની વિધવા (૨) નુસરતજહા અમનઉલ્લાહખાન પઠાણ (૩) મોહમદહનીફ અમનઉલ્લાહખાન પઠાણ (૪) શિરીનખાતુન અમનઉલ્લાહખાન પઠાણ નાઓએ તેમનો તમામ હકક હિસ્સો લક્ષ્મી કન્સ્ટ્રકશન નામની ભાગીદારી પેઢીમાંથી તેમનો તમામ પ્રકારનો લાગ ભાગ તથા હકક હિસ્સો ઉઠાવી છુટા થયા હતા. અને (૧) હિતેન્દ્ર ડાહયાભાઇ ધામેલીયા (૨) જયંતિભાઇ નાનજીભાઇ સભાયા ઉર્ફે પટેલ (૩) મુકેશભાઇ કનુભાઇ કથીરીયા (૪) નવિનભાઇ ભીખાભાઇ પટેલ લક્ષ્મી કન્સ્ટ્રકશન નામની ભાગીદારી પેઢીમાં દાખલ થયા હતાં અને આ હકીકત સરકારી દફતરે ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૫૭૭૬ તા. ૧૪/૧૧/૨૦૧૧ થી કરવામાં આવી છે અને જેને સક્ષમ અધિકારી એ પ્રમાણીત કરવામાં આવી છે.

ત્યાર બાદ (૧) યાસ્મીનખાન તે અમનઉલ્લાહખાન જેસુફખાન પઠાણની વિધવા (૨) નુસરતજહા અમનઉલ્લાહખાન પઠાણ (૩) મોહમદહનીફ અમનઉલ્લાહખાન પઠાણ (૪) શિરીનખાતુન અમનઉલ્લાહખાન પઠાણ નાઓએ તેમનો તમામ હકક હિસ્સો તિરૂપતિ એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીમાંથી તેમનો તમામ પ્રકારનો લાગ ભાગ તથા હકક હિસ્સો ઉઠાવી છુટા થયા હતા. અને (૧) હિતેન્દ્ર ડાહયાભાઇ ધામેલીયા (૨) જયંતિભાઇ નાનજીભાઇ સભાયા ઉર્ફે પટેલ (૩) મુકેશભાઇ કનુભાઇ કથીરીયા (૪) નવિનભાઇ ભીખાભાઇ પટેલ તિરૂપતિ એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીમાં દાખલ થયા હતાં અને આ હકીકત સરકારી દફતરે ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૫૭૭૭ તા. ૧૪/૧૧/૨૦૧૧ થી કરવામાં આવી છે અને જેને સક્ષમ અધિકારી એ પ્રમાણીત કરવામાં આવી છે.

ત્યારબાદ (૧) શ્રી રામ એન્ટરપ્રાઇઝ (૨) ગાયત્રી એન્ટરપ્રાઇઝ (૩) લક્ષ્મી કન્સ્ટ્રકશન (૪) તિરૂપતિ એન્ટરપ્રાઇઝ એ તમામ ભાગીદારી પેઢીઓએ ભેગા થઇને **અમર ડેવલોપર્સ** નામની ભાગીદારી પેઢી બનાવી છે. જેમાં ઉપરોકત તમામ ભાગીદારી પેઢીઓ ભાગીદાર છે. અને ઉપરોકત તમામ ભાગીદારી પેઢીઓ તેમની ભાગીદારીની મિલકત અમર ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીમાં મુડી તરીકે લાવ્યા છે. આમ ઉપરોકત તમામ ચાર ભાગીદારી પેઢી ની મિલકતો અમર ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીની મિલકત બની છે.

અમર ડેવલોપર્સ ભાગીદારી પેઢી એક રજીસ્ટર્ડ થયેલી ભાગીદારી પેઢી અને તેમનો ભાગીદારીનો દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર વ્યારાની કચેરીમાં તા. ૦૭/૦૬/૧૩ ના રોજ અનુક્રમ નં. ૮૭૨ થી કાયદેસર રીતે નોંધાવવામાં આવી છે.

AMAR DEVELOP
PARTNER

ત્યારબાદ (૧) તેજસ અમરસિંહભાઇ ચૌધરી (૨) હિતેન્દ્ર ડાહ્યાભાઇ ધામેલીયા (૩) જયંતિભાઇ નાનજીભાઇ સભાયા ઉર્ફે પટેલ (૪) મુકેશભાઇ કનુભાઇ કથીરીયા (૫) નવિનભાઇ ભીખાભાઇ પટેલ (૬) તુષારભાઇ અમરસિંહભાઇ ચૌધરી (૭) પ્રજ્ઞેશ અમરસિંહભાઇ ચૌધરી એ ભાગીદારી પેઢીની રચના કરી અને જે ભાગીદારી પેઢીને " અમરવિલા ટાઉનશીપ " નામ આપવામાં આવ્યું છેં અને આ ભાગીદારી પેઢી કાયદેસર રીતે રજીસ્ટર્ડ કરાવવામાં આવી છે. અને તે તમામ વ્યકિતઓએ તેમની સંયુકત માલીકીની સદર મિલકત ભાગીદારી પેઢીમાં મુડી તરીકે લાવ્યા છે આમ સદર મિલકતની માલીકી ભાગીદારી પેઢીની થઇ છે.

ત્યારબાદ સદર સર્વે નં. ૩૮૨, ૩૮૩, ૩૮૬/૧ નું કુલ ક્ષેત્રફળ ૩૦૦૫ ચો.મી. છે તથા સર્વે નં. ૩૮૨, ૩૮૩, ૩૮૬/૨ નું કુલ ક્ષેત્રફળ ૩૦૦૫ ચો.મી. છે. તથા સર્વે નં. ૩૮૨, ૩૮૩, ૩૮૬/૩ નું કુલ ક્ષેત્રફળ ૩૦૦૫ ચો.મી. છે. તથા સર્વે નં. ૩૮૨, ૩૮૩, ૩૮૬/૪ નું કુલ ક્ષેત્રફળ ૩૦૫૭ ચો.મી. છે. તથા સર્વે નં. ૩૮૨, ૩૮૩, ૩૮૬/૫ નું કુલ ક્ષેત્રફળ ૨૯૫૧૦ ચો.મી. થાય છે. આમ સદર તમામ સર્વે નંબરોનું કુલ ક્ષેત્રફળ ૪૧૫૮૨ ચો.મી. થાય છે. સદર સર્વે નંબરોનું એકત્રીકરણ ડેપ્યુટી કલેકટર વ્યારાના હુકમ નં. જમન/બ્લોક વિભાજન/ વશી / ૧૪ તા. ૨૦/૦૨/૨૦૧૪ થી કરવામાં આવ્યું છે. અને જેનો નવો બ્લોક નંબર ૩૮૨ આપવામાં આવેલ છે. સદર હુકમની નોંધ ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નં. ૬૪૯૧ થી કરવામાં આવી છે. અને જેને સક્ષમ અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવી છે.

સદર સબ પ્લોટ નંબર ૨ માં આવેલ બિલ્ડીંગ "સી" ના બીજા માળ પર આવેલ ફ્લેટ નંબર સી-૨-૨૦૨ આથી તમો બીજા પક્ષનાને રૂા. ૭,૦૦,૦૦૦/- અંકે રૂપિયા સાત લાખ પુરાના અવેજ બદલ માલિકી હકકે વેચાણ આપવામાં આવે છે. સદર અવેજના નાણા પેટે રૂા. ૩,૬૦,૦૦૦/- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા વ્યારા શાખા ચેક નંબર ૫૭૫૮૪૮ તારીખ ૨૭/૦૮/૨૦૧૫ થી મળી ગયા છે. તથા અવેજની બાકીની રકમ પેટે રૂા. ૨,૪૦,૦૦૦/- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા વ્યારા શાખા ચેક નંબર ૫૭૫૮૪૭ તારીખ ૨૭/૦૮/૨૦૧૫ થી મળી ગયા છે. તથા અવેજના બાકીના નાણા પેટે રૂા. ૯૫,૦૦૦/-સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ઉચ્છલ શાખા ચેક નંબર ૧૩૫૨૫૩ તારીખ ૦૬/૧૦/૨૦૧૫ થી મળી ગયા છે. તથા આવેજની બાકીની રકમ રૂા. ૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા તમો બીજા પક્ષના તરફથી હમો પ્રથમ પક્ષનાને આજદિન સુધી માં મળી ગયા છે. આમ સદર મિલકતના અવેજના પુરેપુરા નાણાં રૂા. ૭,૦૦,૦૦૦/- તમો બીજા પક્ષના તરફથી હમો પ્રથમ પક્ષનાને આજદીન સુધીમાં મળી ગયા છે. જે બદલની તમોને પહોંચ પાવતી આપ્યાનું આથી હમો જાહેર કરીએ છીએ. હવે હમો પ્રથમ પક્ષનાએ તમો બીજા પક્ષના પાસેથી સદર મિલકતના અવેજ પેટે

AMAR DEVELOPERS
PARTNER

કંઇપણ રકમ લેવાની બાકી રહેતી નથી. અને હવે પ્રથમ પક્ષનાની અવેજ અંગે કોઇપણ પ્રકારની તરતકરાર રહી નથી.

હવે તમો બીજા પક્ષના સદર ફ્લેટ નં. સી-૨-૨૦૨ ના સંપૂર્ણ માલિક બન્યા છો. અને સદર ફ્લેટ પરત્વેના હમો પ્રથમ પક્ષનાના માલિક તરીકેના તથા કબજેદાર તરીકેના જે જે હકક અધિકારો હતા તે તમામ અધિકારો હમો પ્રથમ પક્ષનાએ, આજરોજ નષ્ટ કરી તે તમામ અધિકારો તમો બીજા પક્ષનામાં સ્થાપિત કર્યા છે. અને આજરોજ તમો બીજા પક્ષનાને સદર ફ્લેટના માલિક બનાવ્યાં છે.

સદર ફ્લેટનો પ્રત્યક્ષ કબજો તમો બીજા પક્ષનાને સુપ્રત કર્યો છે. આમ સદર ફ્લેટ પરના તમો બીજા પક્ષનાના કબજા બાબત હમો પ્રથમ પક્ષનાની કોઇ તર તકરાર રહી નથી.

હવે પછી સદર ફ્લેટ તમો અન્ય કોઇને પણ વેચો અથવા તેને ભાડે આપો, અથવા તેને કોઇપણને ગીરોમાં કે બોજામાં આપો તેમાં હમો પ્રથમ પક્ષનાને કોઇ વાંધો નથી. અને તેમ કરવા માટે તમો બીજા પક્ષના સ્વતંત્ર છો. તથા સદર ફ્લેટનો ઉપયોગ તમો બીજા પક્ષનાએ રહેવા માટે કરવાનો છે.

સદર ફ્લેટના હમો પ્રથમ પક્ષના એકલા જ માલિક છીએ. અને તેનો હમો પ્રથમ પક્ષના સિવાય અન્ય કોઇનો પણ કોઇપણ પ્રકારનો લાગભાગ કે હકક હિસ્સો નથી.

આમ, સદર ફ્લેટ તમો બીજા પક્ષનાને વેચવાનો હમો પ્રથમ પક્ષનાને સંપૂર્ણ અધિકાર છે. જેની આથી હમો તમો બીજા પક્ષનાને ખાત્રી આપીએ છીએ.

ઉપરોકત મિલકત નો કોઇપણ ભાગ હમો પ્રથમ પક્ષનાએ, કોઇને પણ ગીરોમાં કે બોજામાં લખી આપ્યો નથી. તથા સદર ફ્લેટ વેચવા અંગેનો કે તેને તબદીલ કરવા અંગેનો કોઇપણ પ્રકારનો કરાર હમો પ્રથમ પક્ષનાએ કોઇની પણ સાથે કર્યો નથી. તથા સદર ફ્લેટમાંથી કોઇપણનો આવવા જવાનો કે તેમાંથી પાણીના નિકાલનો અથવા તેમાંથી હવા ઉજાશ મેળવવાનો કોઇપણ પ્રકારનો અધિકાર નથી.

ઉપરોકત અવેજની રકમના બદલામાં તમો બીજા પક્ષનાને આથી સદર ફ્લેટ તથા ઉપરોકત બ્લોક નંબર ૩૮૨ વાળી જમીન માંથી બીજા પક્ષનાને ૪૨.૯૬૮ ચો.મી અવિભાજય ભાગ પણ માલિકી હકકે આપવામાં આવે છે. સદર જમીનમાં તમોને જે ભાગ વેચાણ આપવામાં આવ્યો છે તે અનિર્દિષ્ટ અને અવિભાજય છે. અને તેને છુટો પડાવી લેવા માટેની કોઇપણ પ્રકારની કાનુની કાર્યવાહી તમો બીજા પક્ષના કરી શકશો નહી.

સદર ફ્લેટ તમો બીજા પક્ષનાને માત્ર રહેવા માટે વેચાણ આપ્યો છે. તેમાં તમો ધંધો કરી શકશો નહી.

AMAR DEVELOPERS
PARTNER

સદર અમરવિલા ટાઉનશીપમાં આવેલ બિલ્ડીંગ સી/ર ના અકાશી હકકના તમામ અધિકાર બીજા પક્ષના પાસે રહેશે. અને સદર ફ્લેટ હોલ્ડરએ અગાસીનો સહિયારો ઉપયોગ કરવાનો રહેશે. જેમાં કોઇપણ ફ્લેટ હોલ્ડર અગાસી ઉપર કોઇપણ પ્રકારનુ બાંધકામ કરી શકશે નહી.

સદર " **અમરવીલા ટાઉનશીપ** " માં આવેલા તમામ ફ્લેટના માલિકોએ સદર મકાનની મરામત કરવા તથા તેની જાળવણી કરવા તથા સામાન્ય વ્યવસ્થા વગેરે કરવા માટે કો. ઓ. સોસાયટી બનાવવાની રહેશે. અને તે દરેક ફ્લેટધારકે ફરજીયાત રીતે સભ્ય બનવાનું રહેશે. આમ, દરેક ફ્લેટના માલિક સદર સોસાયટીનું પદ મેળવવુ ફરજીયાત રહેશે. આમ ફ્લેટ ધારકો મળી સદરહું કો. ઓ. સોસાયટી ના મકાનનું સંચાલન વ્યવસ્થા માટે બનાવવાની ફરજીયાત છે. આમ, સદર સોસાયટીમાં એક પ્રમુખ તથા એક ઉપપ્રમુખ એક સેકેટરી તથા એક ખજાનચીની નિમણૂંક કરવાની છે. જેમાં પ્રમુખ તરીકે હમો પ્રથમ પક્ષના પૈકી કોઇએક ફરજીયાત રીતે રહીશું. અને જયાં સુધી હમો પ્રથમ પક્ષના એકપણ ફ્લેટ ના માલિક છીએ ત્યાં સુધી હમે પ્રથમ પક્ષના સદર સોસાયટીના પ્રમુખ તરીકે રહીશું.

સદર મકાનમાં આવેલા દરેક ફ્લેટના માલિકોએ સદર કો. ઓ. સોસાયટી જ મેઇનટેનન્સ ચાર્જ દરેક ફ્લેટના માલિક પાસેથી વસુલ કરવા હકકદાર રહેશે. સદર કો.ઓ. સોસાયટીની બાકી નિકળતી રકમ ચુકવવા માટે દરેક ફ્લેટના માલિક જવાબદાર રહેશે. અને તેવી રકમ ન ચુકવાય ત્યાં સુધી તેવા ફ્લેટના માલિક પોતાનો ફ્લેટ કોઇ ને પણ વેચી શકશે નહી. અથવા તેને અન્ય કોઇ પણ રીતે કોઇને પણ તબદીલ કરી શકશે નહી.

સદર મકાનમાં આવેલા દરેક ફ્લેટના માલિક અથવા માલિકોએ તેઓ પોતાની માલિકીના ફ્લેટનો ઉપયોગ ન કરતા હોય અથવા ઉપભોગ ન કરતા હોય તો પણ સદર કો.ઓ. સોસાયટીનો મેઇનટેનન્સ ચાર્જ આપવા માટે જવાબદાર રહેશે. તથા સદર બિલ્ડીંગના ના મેઇન્ટન્સ ના નાણાં પેટે તમો બીજાપક્ષનાએ પ્રથમપક્ષનાને એડવાન્સ ચુકવવાના રહેશે, જે આજીવન મેઇનટેનન્સ ગણવાનું નથી. તથા દરેક ફ્લેટના માલિકોએ પોતાના ફ્લેટના ક્ષેત્રફળને ધ્યાનમાં રાખીને મેઇનટેનન્સ ચાર્જ ચૂકવવાનો રહેશે. જયારે કોઇપણ ફ્લેટના માલિક તેમની માલિકીના ફ્લેટ કોઇને પણ વેચે ત્યારે આવા ફ્લેટ ખરીદનારે સદર કો.ઓ.સોસાયટીને રૂા. ૧૧,૦૦૦/- ટ્રાન્સફર ફી તરીકે ચૂકવવાના રહેશે. સદર ટ્રાન્સફર ફી ભર્યા બાદ જ ફ્લેટ ખરીદનાર સોસાંયટીના સભ્ય બની શકશે. અને ફ્લેટ વેચનાર સોસાયટીના સભ્યપદેથી દૂર થશે. તથા સદર સોસાયટીની ટ્રાન્સફર ફી રૂા. ૧૧,૦૦૦/- ભર્યા બાદ જ કોઇપણ વ્યકિત સદર ફ્લેટનો વેચાણ દસ્તાવેજ કરી કરાવી શકશે. અને આવી ટ્રાન્સફર ફીની

AMAR DEVELOPERS
PARTNER

રકમનો ઉપયોગ સદર બિલ્ડીંગના કોઇ પણ ઉપયોગી કામ માટે કરવાનો રહેશે. તથા સદર ટ્રાન્સફર ફીની રકમ રૂપિયા ૧૧,૦૦૦/- માં ફેરફાર કરવાનો અધિકાર માત્ર સદર સોસાયટીની મેનેજીંગ કમીટીની રહેશે.

સદર કો.ઓ.સોસાયટીની મેનેજીંગ કમીટી જે મેઇનટેનન્સ ચાર્જ નકકી કરે તે રકમ દરેક ફલેટના માલિકે પોસ્ટપેડ ચેક દ્વારા વર્ષમાં બે વાર ચેકોથી સોસાયટીને ચૂકવવાની રહેશે. આવા દરેક ચેક એક વર્ષમાં દર મહીનાના એક એવા બાર ચેકો આપવાના રહેશે. છ ચેક દર મહીનાની પહેલી તારીખથી દરેક વર્ષની પહેલી એપ્રિલે આપવાનો રહેશે. અને આ રીતના બીજા છ ચેક ૧ લી ઓકટોબરે આપવાના રહેશે. એમ દરેક વર્ષના બાર ચેકો મેનેજીંગ કમીટી નકકી કરે તે રકમના સોસાયટીને આપવાના રહેશે. અને આ રીતે દરેક સોસાયટીના સભ્યએ કો.ઓ.સોસાયટીને મેઇનટેનન્સ ચાર્જ ફરજીયાત રીતે ચૂકવવાનો રહેશે. જો કોઇ સંજોગોમાં સદર કો.ઓ. સોસાયટીના મેઇનટેનન્સ ચાર્જ ન ચૂકવે તો સદર સોસાયટી આવા સભ્ય પાસેથી બાકી નિકળતા મેઇનટેનન્સ ચાર્જ વસુલ કરવા માટેની કાયદેસરની કાર્યવાહી કરી શકશે અથવા તો સોસાયટી આવા સભ્યના ફલેટમાં અપાતી તમામ સગવડો બંધ કરી શકશે. અને તે કાયદેસરનું ગણાશે.

સદર મકાનની બહારની દિવાલને જે કલર કરાવવામાં આવે તે જ કલર દરેક ફલેટના માલિકે તેમની બાલ્કીનીને કરાવવાનો રહેશે. સદર ફલેટમાં પાણીનો દુર ઉપયોગ કરી અથવા બાથરૂમ ચોકડીમાં ઠોકઠાક કરી નીચેના ફલેટમાં પાણી ગળે કે ભેજ ઉતરે તો તે બંધ કરવાની કે કરાવવાની તમામ જવાબદારી ફલેટ ધારકની રહેશે. અને એવું કરવામાં જો ફલેટ ધારક ચુકશે તો કો.ઓ. સોસાયટી સદરહું ફલેટના બાથરૂમની ટાઇલ્સ તોડી આવું રીપેરીંગ કરવા હકદાર રહેશે અને જેનો તમામ ખર્ચ પણ જે ફલેટમાંથી પાણી ગળતું હોય તે ફલેટ ધારકે ચુકવવાનો રહેશે.

દરેક ફલેટના માલિકે અથવા તેના ઉપભોકતાએ સદર મકાનમાં આવેલ દાદર તથા કોમન પેસેજ લીફટની જગ્યા પર અન્ય કોઇને પણ આવવા જવા માટે અડચણ થાય તેવું કૃત્ય કરવુ નહી. તથા આજબાજુવાળા રહીશોને ખલેલ ન પહોંચે તથા ઘોંઘાટ થાય તે રીતનું કૃત્ય કરવાનું નથી. અને દરેક ફલેટના માલિકોએ તથા ફલેટના ઉપભોકતાએ શાંતિથી અને શિસ્તથી રહેવાનું રહેશે. તથા ભવિષ્યમાં જો તમો બીજા પક્ષના સદર ફલેટ કોઇને પણ વેચો અથવા તેને અન્ય કોઇપણ રીતે તબદીલ કરો તો તેવી તમામ વ્યકિતઓએ પણ આ દસ્તાવેજમાં જણાવેલી તમામ શરતો સંપૂર્ણપણે કબુલ રાખવી અને ફરજીયાત પણે પાલન કરવાનું રહેશે.

આ દસ્તાવેજમાં લખેલી તમામ શરતો તમો બીજા પક્ષનાએ સંપૂર્ણપણે કબુલ રાખી છે. અને ઉપરોકત તમામ શરતોને આધિન તમોને સદર ફલેટ વેચવામાં આવ્યો છે.

AMAR DEVELOPERS
PARTNER

તમોને વેચાણ આપેલ ફ્લેટમાં વીજળીનું જોડાણ આવેલું છે. અને સદર ફ્લેટના વીજળી વપરાશના બીલના નાણાં ચૂકવવાની જવાબદારી તમો બીજા પક્ષનાની રહેશે.

સદર ફ્લેટના વેચાણ અંગે સરકારી તથા અર્ધસરકારી વેરા, કર જેમકે સર્વિસ ટેક્ષ તથા અન્ય ટેક્ષ સરકારશ્રીના નિયમોનુસાર બીજાપક્ષનાએ પ્રથમપક્ષનાને ચુકવવાના રહેશે.

સદરહું ફ્લેટમાં તમો તમારું નામ માલીક તરીકે તમોને વેચાણ આપેલ ભાગ પુરતુ દાખલ કરાવી શકો છો. આ અંગે જ્યાં જ્યાં હમો પ્રથમ પક્ષનાની સહી સંમતિની જરૂર હશે ત્યારે અને ત્યાં હમો પ્રથમ પક્ષના હમારી સહી સંમતિ આપીશું અથવા આ વેચાણ દસ્તાવેજના આધારે તમો બીજા પક્ષના તમારે નામે સરકારી દફતરે દાખલ કરાવી શકશો.

જો કોઇ સંજોગોમાં સદર મકાન ને ભુકંપથી અથવા કોઇપણ રીતે નાશ પામે અથવા તુટી પડે અથવા ભયજનક બને અથવા તેનો કોઇપણ હીસ્સો તોડવામાં આવે તો તેને ફરીથી બાંધવાની અથવા તેને સમારકામ કરાવવાની વગેરે કોઇપણ પ્રકારની જવાબદારી હમો પ્રથમ પક્ષનાની રહેશે નહી . આવા સંજોગોમાં દરેક ફ્લેટના માલિકો, સામૂહિક રીતે સદર મકાન ફરીથી તમેને ખર્ચે જોખમે બાંધી શકશે અથવા તેનું સમારકામ કરાવી શકશે. જેમાં હમો પ્રથમ પક્ષનાને કોઇ વાંધો નથી. સદર મકાનમાં સરકારી કાયદા પ્રમાણે જો કોઇ સગવડો આપવા જરૂરીયાતો કરવી પડે તો તેવી તમામ કાયદાકીય જરૂરીયાત પુરી કરવાની જવાબદારી સદર કો.ઓ. સોસાયટીની રહેશે.

સદર મિલકત પરત્વેનું હમો પ્રથમ પક્ષનાનું ટાઇટલ ચોખ્ખે ચોખ્ખુ અને માર્કેટેબલ છે. જેની હમો પ્રથમ પક્ષના તમો બીજા પક્ષનાને ખાતરી આપે છે તથા સદર મિલકતના હમો પ્રથમ પક્ષના એકલા જ માલિક છીએ અને સદર મિલકતમાં હમો પ્રથમ પક્ષના સિવાય અન્ય કોઇ પણ કોઇપણ પ્રકારના ભાડા-ભાગ તથા હકક-હિસ્સો નથી અને સદર મિલકત વેચવાનો હમો પ્રથમ પક્ષનાને પૂરેપૂરો હકક અધિકાર છે.

સદર મિલકતના સંપાદન અંગે કોઇપણ નોટીસ હમો પ્રથમપક્ષનાને મળી નથી કે સદર મિલ્કતના સંપાદન અંગેની કાર્યવાહી સરકારશ્રી તરફથી હાલ કરવામાં આવી નથી. તથા સદર મિલકત ઝઘડાળું મિલ્કત નથી. તથા સદર મિલ્કત કોઇપણ કોર્ટ કચેરી માં કે સરકારી ખાતામાં વાદનો વિષય નથી કે સદર મિલ્કત અંગેની કોઇપણ કાનુની કાર્યવાહી કોઇપણ કોર્ટ કચેરી માં ચાલું નથી . આમ સદર મિલકત સપૂર્ણપણે બિન જોખમી બિન કરજી છે. સદર મિલ્કતના આજદીન સુધીના તમામ પ્રકારના વેરાઓ શિક્ષણ ઉપકર વગેરે હમો પ્રથમ પક્ષના એ ભર્યા છે. હવે આજથી સદર

AMAR DEVELOPERS
PARTNER

મિલકત પરત્વેના તમામ પ્રકારના વેરાઓ કરો કે ઉપકરો વગેરે તમામ તમો બીજા પક્ષના એ ભરવાના રહેશે સહી. સદર મિલ્કત હાલમાં સરકારી દફતરે તથા અન્ય જગ્યા એ હમો પ્રથમ પક્ષના ના નામે ચાલે છે. જેમાં તમો તમારું નામ અન્ય માલિકો સાથે દાખલ કરાવી શકો છો. આ અંગે જયાં જયાં સહી સમંતિ ની જરૂર પડશે ત્યાં ત્યાં હમો પ્રથમ પક્ષના હમારી સહી સમંતિ આપીશું અથવા તા આ વેચાણ દસ્તાવેજને આધારે તમો બીજા પક્ષના સહ માલિક તરીકે તમારું નામ સરકારી દફતરે દાખલ કરાવી શકશો. સદર મિલકત તમો મોરગેજ કરાવી શકશો. સદર મિલ્કતમાં તમોએ ખરીદેલ ભાગનું વિસ્તૃત વર્ણન નીચે પરિશિષ્ટ ' માં કરવામાં આવ્યું છે. તેનો પ્રત્યક્ષ કબજો પ્રથમ પક્ષના એ તમો બીજા પક્ષનાને આજરોજ સુપ્રત કર્યો છે. આમ હવે સદર મિલ્કત ના તમારા કબજા બાબત હમારી કોઇપણ પ્રકારની તર તકરાર રહી નથી.

આ વેચાણ દસ્તાવેજના રજીસ્ટ્રેશન ખર્ચ, સ્ટામ્પ ડયુટી, વકીલ ફી વગેરે તમામ ખર્ચ તમો બીજા પક્ષના ને શીરે રહેશે . હમો વેચાણ આપનાર આદિજાતિના નથી. અને તમોને સદર મિલકત વેચવાનો અધિકૃત છીએ.

પરિશિષ્ટ

મોજે વ્યારા, તા. વ્યારા, જી. તાપી મુકામે નગર પાલીકા વ્યારની હદમાં વોર્ડ નં. ૧ માં આવેલી છે. જેનો બ્લોક નં. ૩૮૨ છે. સદર મિલકત પર ' અમરવિલા ટાઉનશીપ ' નામનું પ્રોજેકટ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમા સબ પ્લોટ નં. ૧ તથા સબ પ્લોટ નં. ૨ પાડવામાં આવ્યા છે. જેમાં સબ પ્લોટ નં. ૧ માં પ્લોટો પાડેલ છે.

સદર સબ પ્લોટ નં. ૨ માં આવેલ "સી" બિલ્ડીંગ નુ કુલ ક્ષેત્રફળ ૬૧૮.૮૫૬ ચો.મી છે. જેમાં કુલ્લે ૩૨ ફલેટો બાનાવવામાં આવ્યા છે. તે પૈકી બીજા માળ પર આવેલ ફલેટ નંબર સી-૨-૨૦૨ તમો વેચાણ આપવામાં આવે છે. અને સદર ફલેટ નં. સી-૨-૨૦૨ નું કુલ ક્ષેત્રફળ ૬૩.૧૯ ચો.મી. થાય છે. તથા ૪૨.૯૬૮ ચો.મી જેટલો અવિભાજય ભાગ પણ આથી તમો બીજા પક્ષનાને વેચાણ અપવામાં આવે છે,

સદર મિલકત નવી જંત્રીના R/O/19 વાળા વિસ્તારમાં આવેલ જેમાં જમીનનો ભાવ રૂા. ૧૧,૦૦૦/- દર્શાવવામાં આવ્યો છે.

ઉપર મુજબનો આ દસ્તાવેજ હમો પ્રથમ પક્ષનાએ હમારી રાજીખુશીથી તથા હમારા તન મનની સાવધ અવસ્થામાં લખી આપ્યો છે. જે હમો પ્રથમ પક્ષના ને કબુલ મંજુર તથા બંધનકર્તા છે સહી. આ વેચાણ દસ્તાવેજ હમો કોઇના કોઇપણ જાતના દાબ દબાણ કે ધાક ધમકી વગર તમો બીજા પક્ષના ને લખી આપ્યો છે. જે હમો પ્રથમ પક્ષના ને તથા હમારા વંશવાલી વારસોને મુખત્યારો તથા ઉત્તરાધિકારી વગેરે સર્વે ને કબૂલ મંજુર અને બંધનકર્તા છે સહી.

AMAR DEVELOPERS

PARTNER